Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# “કિન્નરો” એક સમાજશાસ્ત્રીય અભ્યાસ-પેટલાદ તાલુકાના સંદર્ભમાં

**વોરા સાલેહા આઈ.**

પી.એચ.ડી. સ્કોલર, અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ,સરદાર પટેલ યુનિવર્સીટી,વલ્લભ વિદ્યાનગર

સમાજશાસ્ત્ર સમાજનો અભ્યાસ કરે છે. અને સમાજનું મનુષ્યથી છે. આદિકાળથી જ મનુષ્ય રખડતું ભટકતું અસ્થાયી જીવન જીવતો હતો. ઝાડ પાનનો ઉપયોગ કરી, શિકાર કરી જીવન ગુજારતો હતો. ધીરે ધીરે અનેક શોધ અનેક વિષયોનું ખેદાન થયું તેમ મનુષ્ય અસભ્ય માનવમાંથી સભ્ય સમાજ તરફ ગતિ કરતો ગયો.

‘કિન્નરો’ એ સમાજના ઉપેક્ષિત સમુદાય છે. જે વાસ્તવમાં જોઈએ તો કુદરતી પ્રકોપનો ભોગ બનેલા સમુદાય છે. કેટલીક જૈવીક્ય, શારીરિક ખામીને કારણે તેઓ નાન્યતર જાતિમાં આવે છે. પરિણામે સમાજ તેમની ઉપેક્ષા કરે છે. પોતાનાથી અલગ એવા તુચ્છાકારની દ્રષ્ટિથી આ સમુદાયને જોવામાં આવે છે. સમાજ તેમની તરફ એટલી કુરતાથી વર્તે છે કે પોતે આ લોકો સમાજથી દુર પોતાનો એક એવો સમુદાય બનાવે છે. સમાજથી ઉપેક્ષા પામેલો આ સમુદાય સમાજના અન્ય લોકોની ઉપેક્ષા કરતો નથી તે તો તેમના શુભપ્રસંગે વધામણા આપીને “એક ગાલ પર તમાચો મારે તો ધરે બીજો ગાલ, અપકાર પર ઉપકાર કરીને વેરીને કરજે વ્હાલ” એ ઉકિતને સાર્થક કરે છે.

ભારતમાં હિજડાઓને ‘નાન્યતર જાતિ’ નાં સભ્યો તરીકે ઓળખવામાં આવે છે. તેઓ પોતાની જાતે પણ પોતાની જાતિ પુરૂષમાં પણ નહિ અને સ્ત્રીમાં પણ નહિ તરીકે પોતાને વર્ણવે છે. તેમાં ઘણાએ ખસીકરણ કરાવેલ છે. અથવા તો અસંદિગ્ધ જાતીયતા ધરાવે છે. તેઓને હંમેશા તેઓ જે છે એજ રીતે જીવે છે. તે માટે તેમને ધૂત્કારવામાં આવે છે. તેઓ જ્યારે ખાસ ઉજવણીઓ જેવી કે જન્મ પ્રસંગો અને લગ્ન પ્રસંગોમાં

વણનોતાર્યા આવી નાચગાન અને આશીર્વાદ આપી પૈસા માટે તમાશો કરે છે. તેને હજુ પણ ચલાવી લેવામાં આવે છે.

યંગ અને મેક સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપતા જણાવે છે કે "Sociology is the scientific study of the social aspects of human life" એટલે કે, સમાજશાસ્ત્ર સમાજ જીવનના સામાજિક પાસાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરે છે.

'કિન્નર' એટલે એવી વ્યક્તિમાં જેનામાં ન પુરુષ તત્વ ન સ્ત્રી તત્વ હોય.

હિજાડાઓનું મૂળ જાતિ હજારો વર્ષ પહેલાની છે. તેઓએ તેમનું મૂળ પૌરાણિક હિન્દુઓના પવિત્ર પુસ્તક રામાયણ અને મહાભારતમાં શોધી કાઢ્યું છે. રામ માણસ તરીકે અવતારી દેવ હતા. રાજ્યમાંથી ૧૪ વર્ષ માટે દેશ નિકાલ કરતા જંગલમાં જતા પહેલા તેમના લોકો તરફ વળ્યા અને પુરૂષો અને સ્ત્રીઓને તેમને ઘરે પાછા વળી જવા કહ્યું.

હિજડા સમાજ સાત ઘરોમાં વહેચાયેલો છે. દરેકને 'નાયક' નામનો ઉપરી હોય છે. તેઓ તેમના ચેલાઓને બધાઈ માટે તાલીમ આપવા અને તેમનું રક્ષણ કરવા ગુરૂ અથવા ધાર્મિક નેતાઓની નિમણૂંક કરે છે. દક્ષિણ ભારતમાં હિજડાઓ મોટા ભાગે આર્થિક આજીવિકા માટે સજાતીય તરીકેનું કામ કરે છે. ડીસેમ્બર ૨૦૦૨માં હિજડાઓએ અને બીજા જાતીય લઘુમતીઓએ બેંગ્લોરમાં 'વિવિધા' નામના સમુહની સ્થાપના કરી હતી.

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસક્ષેત્ર તરિક પેટલાદ તાલુકાને પસંદ કરવામાં આવેલ છે. જેમાં 'કિન્નરો' એક સમાજશાસ્ત્રીય અભ્યાસ એ વિષયના સંદર્ભમાં હેતુલક્ષી નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. પેટલાદમાં  કિન્નરોની વસ્તી ૧૬૦ છે. તેમાંથી ૧૦૦ કિન્નરોના લોટરી પદ્ધતિ દ્વારા અભ્યાસ કર્યો છે. લોટરી પદ્ધતિ દ્વારા આકસ્મિક હેતુપૂર્વક યાદચ્છ નિદર્શન દ્વારા ૧૦૦ ઉત્તરદાતાઓ પસંદ કરવામાં આવ્યા છે.

પ્રસ્તુત અભ્યાસમાં પણ કિન્નરો લાક્ષણિક કિસ્સાઓ તરીકે પસંદ કરી પ્રસ્તુ હેતુલક્ષી નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ હેતુલક્ષી પદ્ધતિ

અપનાવવાનું કારણ વિષય વસ્તુની સંવેદનાશિલાતા અને તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો હેતુ છે.

પોલીન યંગ સામાજિક સંશોધનના મુખ્ય ત્રણ ધ્યેયો અથવા હેતુઓ દર્શાવે છે.

1. હકીકતોની શોધ અને ચકાસણી કરવી.
2. હકીકતો વચ્ચે સબંધ શોધવો.
3. વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવો.

પ્રસ્તુત અભ્યાસ કિન્નરો એક સમાજશાસ્ત્રીય અભ્યાસને લાગતો છે. આ અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

1. કિન્નરોની કૌટુંબિક માહિતી તપાસવી.
2. કિન્નરોની સામાજિક – આર્થિક પાર્શ્વભૂમિકા તપાસવી.
3. કેઈ જ્ઞાતિ, ધર્મ તથા વયજૂથના પુરુષોમાં કિન્નર બનવાનું પ્રમાણ વધુ છે તે તપાસવું.
4. કિન્નર અને તેમના કુટુંબીજનો વચ્ચે ક્રિયા આંતરક્રિયા તપાસવી.
5. કિન્નરોની અપેક્ષા, મહત્વાકાંક્ષા, તપાસવી, સમાજ પ્રત્યેનું પ્રત્યક્ષી કરણ તાપાસવું.

પ્રસ્તુત અભ્યાસમાં હિંદુ ધર્મના ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે.

જ્ઞાતિએ બંધ પ્રકારની સમાજ વ્યવસ્થા છે. જ્ઞાતિએ અંતવિવાદીજૂથ છે. જ્ઞાતિએ કુટુંબોના જૂથોનો સમૂહ છે. તેથી પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાની જ્ઞાતિ તપાસવામાં આવી છે.

- ૫૧ ઉત્તરદાતાઓ ઓ.બી.સી. કેટેગરીના છે.
- ૪૦ ઉત્તરદાતાઓ ઓપન કેટેગરીના છે.
- ૫ ઉત્તરદાતાઓઓ એસ.સી કેટેગરીના છે.
- ૪ ઉત્તરદાતાઓ એસ.ટી. કેટેગરીના છે.

ભારતીય બંધારણમાં નબળા જૂથોના વિકાસ માટે સરકાર પ્રયત્ન કરે છે. આ નબળા જૂથોમાં અનુસૂચિત જાતિ અને આદીવાસિઓ આવે છે. આ જૂથને વિકાસની તકો ઓછી મળવાને કારણે વિકાસ અલ્પ હોય છે. પ્રસ્તુત સંશોધનમાં ઓ.બી.સી. જ્ઞાતિનું પ્રમાણ મહત્તમ છે. તે સામે આ ઉત્તરદાતાઓનું પ્રમાણ શિક્ષણ પ્રત્યે અલ્પ જોવા મળે છે.

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતાની ઉંમર અંગે માહિતી મેળવવામાં આવી છે. જેમાં ૩૧ થી ૪૦ વર્ષની વયજૂથ ધરાવતા કિન્નરોનું પ્રમાણ મહત્તમ છે. ૪૧ થી ૫૦ વર્ષની વયજૂથ ધરાવતા કિન્નરોનું પ્રમાણ ૨૫ છે. ૮ વર્ષની ઉમરમાં સ્ત્રી પ્રકૃતિના લક્ષણો તાદૃશ્ય થવા માંડે છે. તેમની ચાલમાં, ભાષામાં એક ચોક્કસ પ્રકારનો લહેકો આવે છે. જે સામાન્ય માનવીમાં નથી. તેવું પ્રદાર્ષિત કરે છે. તે ઉંમરથી લોકો તેમને 'છોકરી' જેવો કહેવાની શરૂઆત કરી દે છે.

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતા પોતે કિન્નર છે. તે અંગેની માહિતી પ્રાપ્તિની તરાહ જોવામાં આવી છે. જેમાં ૫૦ ઉત્તરદાતાઓનું પ્રમાણ મહત્તમ છે. જેઓને ડોક્ટર દ્વારા માહિતી પ્રાપ્ત થેઈ. બીજા ક્રમે માતા – પિતા દ્વારા ખબર પડી તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૫ છે. જ્યારે ઉત્તરદાતાઓને પોતાની જાતે જ ખબર પડી ગઈ કે તે 'કિન્નર' છે. તેવા ઉત્તરદાતાની સંખ્યા ૧૩ છે. જ્યારે કેટલાક ઉત્તરદાતાએ તે અંગેની માહિતી આપી નથી તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૨ છે.

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતા પોતે કિન્નર છે તે જાણ્યા પછી ઉત્તરદાતાની પ્રતિક્રિયામાં તેઓએ આક્રોશ વ્યક્ત કર્યો હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૪૮ છે. જે મહત્તમ છે. જ્યારે આ અવસ્થા કે કર્મની સજા છે તેવી પ્રતિક્રિયા આપનાર ઉત્તરદાતાઓની સંખ્યા ૧૫ છે. અને જે કંઈ થયું તે સારું થયું તેવું માનનાર ઉત્તરદાતાઓની સંખ્યા ૧૪ છે. જ્યારે આ અંગે જબાબ ન આપનારાઓની સંખ્યાનું પ્રમાણ ૧૦ છે.

અહી એ બાબતની સ્પષ્ટતા કરવી અનિવાર્ય છે. કે ૧૪ ઉત્તરદાતાઓ પોતે કિન્નર બન્યા તે ગમે છે. આનંદની લાગણી વ્યક્ત કરે છે. તેઓ પોતે જન્મથી કિન્નર નથી પરંતુ તેમની આર્થિક પરિસ્થિતિ અને ક્યારેક કિન્નરોની મિત્રતાને કારણે કિન્નર બન્યા છે.

પ્રસ્તુત સંશોધનમાં મહતમ કિન્નરોના માતા – પિતા પોતાના યુવાનને પોતાના ઘરમાંજ રાખવાના પ્રયત્નોનાં ભાગરૂપે લગ્ન કરવા માટેનું દબાણ કરે છે. ૨૧ ઉત્તરદાતાઓની માતા – પિતાએ કિન્નર ઘરમાંજ રહે તથા તેઓના કુટુંબની માનહાની ન થાય તે માટે લગ્ન કરાવવાનો પ્રયાસ કરે છે. અને લગ્ન કરાવેલ છે. દ્વિતીય ક્રમિ ૧૮ ઉત્તરદાતાઓનાં માતા – પિતાએ કીન્નરોને સમાજથી છુપાવવાના તથા અન્ય કિન્નરો તેને ન લઇ જાય અને તે માત્ર ને માત્ર ઘરમાં જ રહે તે માટે લગ્ન કરાવેલ છે.

ટૂંકમાં, એવું કહી શકાય કે, માતા – પિતા કુટુંબના કોઈ પણ સભ્ય માટે કિન્નર તરીકે યુવાનને પોતાને ઘરમાં જ રાખવાના તથા સમાજમાં પારિભાષિત ન કરવાના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં ૬૧ કિન્નરો જણાવે છે કે, પોતાની માગણી પ્રમાણેનાં પૈસા ન આપે અથવા તો વધામણી ન આપે તો તેઓ ગુસ્સાની લાગણી વ્યક્ત કરતા નથી. પરંતુ આશીર્વાદ આપે છે અને કહે છે 'ખમ્મા તને વધારે આપે' જ્યારે ૧૭ કિન્નરો જણાવે છે કે તેઓની માગણી વ્યાજબી હોય અને સામેનો માણસ પણ મિલકતથી સાધન સંપન્ન હોય છતાં વધામણી ન આપે તો તેમને શ્રાપ આપીએ છીએ.

પ્રસ્તુત સંશોધનમાં ૪૧ કિન્નરો વધામણીનાં પૈસા નાયકને સંપૂર્ણ પણે આપી દે છે. તેથી તેઓ કોઈ પ્રતિક્રિયા આપતા નથી. અહી કિન્નરો જણાવે છે કે અખાડામાં કિન્નરોની સંખ્યા વધારે છે. અને કિન્નરોની ઉમર પણ વધતી જાય છે. તો ક્યારેક કિન્નર બીમાર પડે તો નાયક પૈસા ખર્ચે છે. ૩૦ કિન્નરોનાં નાયક સાથે ઝઘડો થાય છે. આ કિન્નર બેન્કમાં ખાતા પણ ધરાવે છે. તેમાં વધામણીનાં પૈસામાંના જુદા કરીને પોતાના ભવિષ્ય માટે બેન્કમાં મૂકે છે.

અહી ન કહી શકાય કે કિન્નરો વચ્ચે પૈસાને લઈને અનેક વખત સંઘર્ષ થતા રહે છે. કિન્નરો અન્ય કિન્નરો થી છુપાવે છે. પરંતુ સાથે સાથે તે નાયકને પણ અસર કર્તા બને છે. અહી કહી શકાય કે સામાન્ય માણસ હોય કે કિન્નર દરેક માટે જીવન જરૂરિયાતોને પૂર્ણ કરવા આર્થિક બાબત નિર્ણાયક બને છે.

પ્રસ્તુત સંશોધનમાં મહત્તમ કીન્નરો કુટુંબિજનો કિન્નરોને અખાડામાં મળવા આવે છે. ૬૬ કિન્નરોનું પ્રમાણે જોવા મળે છે. વાર તહેવાર પ્રસંગોએ કે તબિયત સારી ના હોય ત્યારે અખાડામાં મળવા આવે છે. ૩૪ કિન્નરોના કુટુંબિજનો મળવા આવતા નથી. અહી આ પ્રશ્નમાં કિન્નરની આંખમાં ભીનાશ તરી આવે છે. અને કહે છે અમારી બહુચર માતા એ જ અમારી માં અને એજ બાપ અમારે બીજાની જરૂર નથી.

પ્રસ્તુત સંશોધનમાં મહત્તમ ઉત્તરદાતાઓને બીજો જન્મ જોઈતો નથી. તેઓનું પ્રમાણ મહત્તમ છે. ૪૨ ઉત્તરદાતાઓને બીજો જન્મ જોઈતો નથી. તેઓ કહે છે કે બીજા ગયા જન્મના ફાળે આ જન્મમાં અમે કિન્નર બન્યા છી. હવે આ જન્મના જ એટલા દુઃખ દર્દ મળી રહ્યા છે કે બીજો જન્મ લેવાની ઈચ્છા નથી. આ જન્મ છેલ્લો થાય આ ભવો ભવના બંધનોથી મુક્ત થઇ જવાય તેવી મહેચ્છા વ્યક્ત કરે છે.

સંશોધનના માટે તારણરૂપે કેટલાક મહત્વના મુદ્દાઓ જોવા મળ્યા છે. જેવા કે,

- કિન્નર હોવું એ કોઈ પણ કુટુંબ માટે અપમાન જનક બાબત છે. તેઓનું કોઈ અસ્તિત્વ વર્તમાન કે, ભવિષ્યમાં રહેતું નથી. કિન્નર હોવાને કારણે જ માત્ર કિન્નર જ નહિ. સમગ્ર કુટુંબ અસરકર્તા બને છે.
- કોઈ પણ માતા – પિતા માટે પોતાનું બાળક કિન્નર હોવું એ સ્વીકારવાની બાબત અશક્ય છે. તેમની વેદના અહી મુક બની જાય છે. સાથે સાથે આ બાળકનું ભવિષ્ય, બાળકને સમાજમાં હાંસી પાત્ર જોવાની વેદના અને સમાજમાં થતી ટીકાની વેદના માતા – પિતાની નાસી પાસ કરે છે.

એક માનવ સ્ત્રી તત્વ કે પુરુષ તત્વ નથી ધરાવતો ત્યારે તેનું સમાજમાં રહેવું મુશ્કેલ બની જાય છે. તેને સમાજ સ્વીકારવા તૈયાર નથી થતો તેની ઈચ્છા અનિચ્છાએ

પણ તેને પોતે ઘર છોડીને અખાડામાં રહેવા જવું પડે છે. આ તેના જીવનની સૌથી મોટી કરૂણતા છે.

અંતે સમાજમાં સતત ઉપેક્ષા પામેલા કિન્નરો સાચા અર્થમાં તો જાણે, કરૂણાને પાત્ર છે. સમાજે તેમના તરફના પ્રત્યક્ષીકારણોમાં પરિવર્તન લાવવું જ રહ્યું.

સંદર્ભ સૂચી :


- ડૉ. તારાબેન પટેલ, ભારતીય સમાજ વ્યવસ્થા
- શાહ અરવિંદ જોષી સનાત, સામાન્ય સમાજશાસ્ત્ર, ૧૯૬૯
- એ.જી. શાહ જે. કે. દવે, સંશોધન પદ્ધતિ
- Krishna Natha, Kinnar Dhemlok, 1999
- Serena Nanda, Gender Diversity, 2000, ISBN, 1-57766-074-9
- Yakeshi Ishikawa, Hijra the Third Gender in India.
- Muhammad Hamidullah, The People's establishing a state & succession, 1988